**મહીલા પોલીસ સ્ટેશન સેક્ટર-૨ ના ફસ્ટ પાર્ટ ગુના રજી.નં.૧૧૨૧૦૦૩૧૨૫૦૦૨૮/૨૦૨૫, બી.એન.એસ -૨૦૨૩ ની કલમ ૮૫,૧૧૫(૨),૨૯૬(બી),૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૧૯૬૧ ની કલમ ૪,૭ મુજબના ગુન્હાનાના કામે અરજદાર/આરોપી સલમાન જહીરૂદ્દીન સિદ્દીકી નાઓ દ્વારા આપવામાં આવેલ જામીન અરજી લગત હુકમ.**

.....................................................................................................................................................

(૧) જામીન અરજી તથા સંલગ્ન પોલીસ પેપર્સ તથા આરોપીના વિ.વકીલશ્રીની અરજી મુજબની વિગતવારની દલીલો તથા એ.પી.પી.શ્રીની દલીલ ધ્યાને લીધી.

(૨) સદરહુ કામે આરોપીના વિ.વ.શ્રી દ્વારા દલીલ કરતાં જણાવેલ છે કે, આરોપી વિરૂધ્ધ બી.એન.એસ -૨૦૨૩ ની કલમ ૮૫,૧૧૫(૨),૨૯૬(બી),૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૧૯૬૧ ની કલમ ૪,૭ મુજબના ગુનાઓનો આક્ષેપ છે, જે ધ્યાને લેવામાં આવે તો તેમાં મહત્તમ સજાની જોગવાઈ ૭ વર્ષથી ઓછી છે તેમજ સદર ગુનાઓ મેજિસ્ટ્રેટ ટ્રાયેબલ છે તેમજ કયાંય નાસી-ભાગી જાય તેવા ઈસમ નથી તથા સદરહુ કામે નામદાર કોર્ટ જે કંઈ શરતો મુકશે તે તમામ શરતોનું પાલન કરવાની બાંહધરી આપેલ છે. વધુમાં સદરહુ કામે ત.ક.અમલદારે સદરહુ જામીન અરજી લગત એવી દહેશત જણાવેલ છે કે, હાલના કામના આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરિયાદના સાક્ષીઓને ડરાવી, ધમકાવી, સાક્ષીઓને તોડવાનો પ્રયત્ન કરી શકે તેમ છે, તો તે અંગે આરોપી પક્ષે દલીલ કરતાં જણાવેલ કે, નામદાર કોર્ટ સદરહુ બાબતે જે કંઈ શરતો મુકીને પણ આરોપીને જામીન મુકત કરી શકે છે, તેવી રજૂઆત કરી, આરોપીને જામીન મુકત કરવા બરજ કરેલ છે.

(૩) સદરહુ કામે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, હાલના કામના આરોપી નાશી ભાગી જાય તેવી શક્યતાઓ રહેલી છે તેથી હાલના કામના આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૪) આરોપી સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર તથા ગુનામાં આરોપીએ ભજવેલ રોલ તથા આક્ષેપિત ગુના અંગે મહત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેતા, આરોપી સામે જન્મટીપની અથવા મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ આરોપી સામેનો ગુનો મેજિસ્ટ્રેટ ટ્રાયબલ કેસ છે તેમજ બી.એન.એસ -૨૦૨૩ ની કલમ ૮૫,૧૧૫(૨),૨૯૬(બી),૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૧૯૬૧ ની કલમ ૪,૭ જોતા આરોપી વિરુધ્ધ મહતમ સજાની જોગવાઈ ૭ વર્ષથી ઓછી તથા ફાઈનની કરેલ છે. તે સંજોગોમાં, કોર્ટોમાં કેસોનું ભારણ ધ્યાને લેતા, કેસ ચાલતા સ્વાભાવિક સમય જાય તેમ હોય અને ત્યાં સુધી આરોપી સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર ધ્યાને લેતા, આરોપીને પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટરૂપે જેલમાં રાખવા ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં, આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે કાયમી રહેઠાણ ધરાવે છે. તે સંજોગોમાં પણ, આરોપી ક્યાંય નાસી-ભાગી જાય તેવી શક્યતા નહિવત છે તેમજ હાલના કામના આરોપી ફરિયાદપક્ષના સાક્ષીઓને ડરાવી, ધમકાવી, ફરિયાદપક્ષના કેસને નુકશાન કરે તેવી ફરિયાદપક્ષની દહેશતના અનુસંધાને યોગ્ય તે શરતો મુકી, સદરહુ દહેશત દુર કરી શકાય તેવું અત્રેની કોર્ટનું માનવું છે. તે તમામ સંજોગોમાં, આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાથી ટ્રાયલ વખતે તેની હાજરી પણ સિક્યોર કરી શકાય તેમ છે. તે તમામ

સંજોગોમાં, બી.એન.એસ.એસ કલમ-૪૮૦ ની જોગવાઈ ધ્યાને લેતા તથા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ભગીરથસિંહ જાડેજા વિ. સ્ટેટ ઓફ ગુજરાત', ના તથા સંજયચંદ્રા વિ. સી.બી.આઇ *ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા, આ કામના આરોપીને શરતોને આધીન જામીનમુક્ત કરવામાં આવે તો, ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. જેથી જામીન અરજીમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: (હુકમ)::-**

`આરોપી નામે સલમાન જહીરૂદ્દીન સિદ્દીકી નાઓએ આરોપી દીઠ રૂા. ૨૫,૦૦૦/- ( અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત-મુચરકા રજુ કર્યેથી, સદર ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન પર મુક્ત કરવામાં આવે છે.

**-:: (શરતો)::-**

(૧) આરોપીઓએ જાતે કે, અન્ય મારફતે ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે, સાહેદોને ધાક-ધમકી, લાલચ, આપવી નહી.

(૨) આરોપીએ અન્ય ગુન્હામાં સંડોવાવું નહી.

(૩) આરોપીએ ટ્રાયલ દરમિયાન કોર્ટમાં નિયમિત હાજર રહેવું.

(૪) આરોપીઓએ પોતાનું કાયમી સરનામુ, મોબાઇલ નંબર પુરસીસથી જાહેર કરવા અને કોર્ટની પરવાનગી વગર બદલવા નહિ.

ઉપરોકત મુજબનો હુકમ આજરોજ તારીખ ૦૬ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.
સ્થળ-સુરત.

**તારીખ-૦૬/૦૮/૨૦૨૬**

**ઈ.ચા. ૦૯માં એડી.જ્યુડી.મેજી.ફ.ક.,સુરત.**